| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૨૧/૦૮/૨૦૨૩ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## ગોમતીપુર પો.સ્ટે.વિસ્તારમાંથી નાંણાની હારજીતનો જુગાર રમતા ૮ ઈસમોને કુલ્લે રૂ.૧,૪૭,૦૦૦/ ના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.

પોલીસ કમિશ્નર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે તા.૨૦.૦૮.૨૩ ના રોજ પી.સી.બી. પોલીસ સબ ઈન્સપેકટર શ્રી વી.જી.ડાભી તથા સ્ટાફના મ.સ.ઈ.જગદેવસિંહ ગુલાબસિંહ બ.ન.૧૩૪૬૭, અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦, અ.હે.કો. ઈન્દ્રસિહ પ્રવિણસિંહ બ.ન.૬૧૬૮, આ.હે.કો. મહેન્દ્રકુમાર ઉદેસંગભાઈ બ.ન.૪૮૯, અ.પો.કો. પ્રવિણસિંહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭, અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧, અ.પો.કો.જયમિન મહેશભાઈ બ.ન.૬૭૩૫ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન મ.સ.ઈ.જગદેવસિંહ ગુલાબસિંહ તથા અ.પો.કો.જયમિન મહેશભાઈ નાઓને સંયુક્તરીતે મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે ગોમતીપુર રાજપુર, મરીયમબીબી ચાર રસ્તા, મહોમંદ ગુલામનબીની ચાલી નં.૨ માં આવેલ કુમકુમ રેસ્ટોરન્ટ નામની દુકાન ન.૧૮૦૯/બી ખાતેથી આરોપી હુસેન @ બટકા ગુલાબમીયાં શેખ રહે.મ.ન.૧૨૪૩, શકરાઘાંચીની ચાલી, ટોપી મીલ સામે, રાજપુર, ગોમતીપુર અમદાવાદ તથા અન્ય ૭ ઈસમો મળી કુલ્લે ૮ ઈસમોને હારજીતનો ગંજીફાના પાનાથી જુગાર રમી રમાડતા રોકડા રુપિયા ૬૧,૦૦૦/ તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૧,૪૭,૦૦૦/- ના મુદામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી ગોમતીપુર પો.સ્ટે. ખાતે બી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૧૮૨૩૧૦/૨૦૨૩ જુગાર ધારા કલમ ૪,૫મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપીઓ: (૧) હુસેન @ બટકા ગુલાબમીયાં શેખ રહે.મ.ન.૧૨૪૩, શકરાઘાંચીની ચાલી, ટોપી મીલ સામે, રાજપુર, ગોમતીપુર અમદાવાદ (૨) દેવેન્દ્રકુમાર @ ટીનાભાઈ નટવરલાલ વીસનગરી રહે.મ.ન.૧૫૯, પરમાનંદ પટેલની ચાલી, મરીયમબીબી ચાર રસ્તા, રાજપુર ગોમતીપુર અમદાવાદ શહેર (૩) યોગેન્દ્રભાઈ માધાભાઈ મકવાણા રહે.મ.ન.૧૮૦૦/૧૩, પરસોતમ મોદીની ચાલી, રાજપુર ગોમતીપુર અમદાવાદ (૪) ભરત સદાભાઈ પરમાર રહે. ૧૯, પ્રતાપનગર સોસાયટી, ગોમતીપુર અમદાવાદ (૫) મહેશભાઈ જેઠાભાઈ વાઘેલા રહે.મંસુરીની ચાલી ન,૧, ગોમતીપુર, અમદાવાદ (૬) ઓલવીન કાંતિલાલ રાઠોડ રહે. મંસુરીની ચાલી ન.૨, ગોમતીપુર અમદાવાદ (૭) કેતુલ કાંતિલાલ સોમેત્રીયા રહે.૨૬, નારાયણ રેસીડેન્સી, ચાંદખેડા અમદાવાદ (૮) શૈલેષ શંકરભાઈ પરમાર રહે.મ.ન.એ/૧, કુંવર પાર્ક, આઈ.ઓ.સી. રોડ, ચાંદખેડા, અમદાવાદ શહેર

ગુનાની જગ્યા : ગોમતીપુર, રાજપુર, મરીયમબીબી ચાર રસ્તા, મહોમંદ ગુલામનબીની ચાલી ચાલી ન.૨ માં આવેલ કુમકુમ રેસ્ટોરન્ટ નામની દુકાન ન.૧૮૦૯/બી માંથી

પકડાયેલ મુદામાલ : (૧) રોકડા રુપિયા ૬૧,૦૦૦/- (૨) મોબાઈલ ફોન નંગ ૦૯ કિ.રૂ.૫૧,૦૦૦/- (૩) ટુ વ્હીલર વાહન નંગ ૧ કિ.રૂ.૩૫,૦૦૦/ (૪) ગજીફા ના પાનાની કેટ નંગ ૧ કિ. ૦૦ (૫) લાઈટબીલ નંગ ૧ કિ.૦૦ મળી કુલ્લે રૂ. ૧,૪૭,૦૦૦/ નો મુદામાલ

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૨/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૫૫ વ્યક્તિઓને ઝડપી, ૫૧૦ લીટર દેશી દારૂ, ૧૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૪ બિયર ટીન, ૧ રિક્ષા અને ૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧૧ કેસ કરી, ૭૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૮૦,૦૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૩/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાતઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૪/૨૦૨૩**

**ખોખરાઃ** શોભાબહેન વા/ઓ જીતેન્દ્રભાઇ લોધા (રહે.મોહીતા ટેનામેન્ટ આદર્શ ટેનામેન્ટની અંદર મારૂતી સોસાયટી સામે ચંડોળા તળાવ પાસે ઇસનપુર) એ તા.૨૦/૦૮/૨૦૨૩ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૮/૨૦૨૩ સાંજના ૪/૩૦ વાગ્યાના સુમારે ખોખરા આર્યોદય સોસાયટીના ગેટ સામે બાપા સીતારામના મંદિર પાસે વડલા નીચે રોડ ઉપર એક ઓટોરીક્ષામા આવેલ ચાર અજાણ્યા પુરૂષોએ ભેગા મળી શોભાબહેનને વિશ્વાસમાં લઇ તેમણે પહેરલ સોનાના બુટીયા કિંમત રૂપિયા ૨૫,૦૦૦/-, સોનાની કાનની શેર કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- સોનાની વીંટી કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૫,૦૦૦/- મતાના દાગીના લઇ નાસી જઇ શોભાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.ચૌહાણ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૫/૨૦૨૩**

વસ્ત્રાપુરઃ વેન્કટેશ સ/ઓ શિવાજી કાલે (ઉ.વ.૨૪)(રહે.તુલજા પી.જી.સંભવનાથ કોમ્પલેક્ષ, સુદર્શન ટાવર પાસે, થલતેજ)એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૮/૨૦૨૩ રાતના ૦૦/૩૦ થી સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન થલતેજ સંભવનાથ કોમ્પલેક્ષ માતુલજા પી.જી.ના પહેલા તથા બીજા માળે આવેલ અલગ-અલગ રૂમોમાંથી મોબાઇલ ફોન નંગ-૮ કુલ કિંમત રૂપિયા ૯૩,૦૦૦/- મતાના અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી નરસિંહભાઈ ચલાવે છે.

**નવરંગપુરાઃ** એહમદઅબ્બાસ મોહમ્મદઅલી ખણોસિયા (ઉ.વ.૨૪)(રહે.એલિમેન્ટોસ બીબીક્યુ રેસ્ટોરેન્ટ શિતલવર્ષા આર્કેડ કોમ્પ્લેક્ષ ગીરીશ કોલ્ડ્રીંકસ ચાર રસ્તા નવરંગપુરા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૮/૨૦૨૩ સવારના ૪/૦૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન નવરંગપુરા ગીરીશ કોલ્ડ્રીંકસ ચાર રસ્તા પાસે આવેલ એલિમેન્ટોસ બીબીક્યુ રેસ્ટોરેન્ટ માંથી એહમદઅબ્બાસ નાઓનો મોબાઇલ ફોન તેમજ સ્ટાફના અન્ય ચાર વ્યક્તિઓના મોબાઇલ ફોન મળી કુલ મોબાઇલ ફોન નંગ-૫ કુલ કિંમત રૂપિયા ૫૮,૦૦૦/- મતાના અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.વાઘેલા ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૬/૨૦૨૩**

**બોડકદેવઃ** વિવેકભાઇ સુનિલકુમાર રાવલાણી (ઉ.વ.૨૩)(રહે.નીરવ બંગ્લોઝ, પીકનીક પાર્ટી પ્લોટ સામે કુબેરનગર) એ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૮/૨૦૨૩ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે શીલજ સર્કલ થી ભાડજ સર્કલ તરફ જતા સર્વીસ રોડ ઉપર પોતાની ફીયાન્સ સાથે પોતાની કારમા બેઠા હતા ત્યારે સર્વીસ રોડને અડીને આવેલ ઝાડીમાથી આવેલ ત્રણ અજાણ્યા પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના આશરાના) એ ભેગામળી કાર પાસે આવી ચપ્પુ બતાવી “તમારી પાસે જે હોય તે અમોને આપી દો” તેમ કહી, વિવેકભાઇના ખિસ્સામાથી રોકડ રૂપિયા ૫૦૦/- અને તેમની આંગળીમાં પહેરેલ સોનાની ડાયમંડવાળી વીંટી કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- તેમજ તેમની ફિયાન્સીના ગળામા પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૦,૫૦૦/- મતાની લુંટ કરી નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.એલ.ઉપાધ્યાય ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૭/૨૦૨૩**

**માધવપુરાઃ** સચીન નારણભાઇ  રાવત (ઉ.વ.૨૨)(રહે.ટાટા એડવાન્સ મીલની ચાલી તાવડીપુરા માધવપુરા)એ અગમ્ય કારણસર તા.૨૦/૦૮/૨૦૨૩ રાતના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના પતરાની લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રગ્નેશકુમાર દશરથલાલ ચલાવે છે.

સરખેજઃ નિર્મલાબહેન વા/ઓ માતાબક્ષ રાવત (ઉ.વ.૩૧)(રહે.વલ્લભધામ ની ઓરડી, આંબલી કાલીબારી મંદિરની બાજુમાં, આંબલી સરખેજ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૮/૨૦૨૩ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને સરસ્વતી હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૦૮/૨૦૨૩ સવારના ૯/૪૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી